*તા : 09/07/2022 માસ્ટર ઓફ પરફોર્મિંગ આર્ટસ નૃત્ય વિભાગની વિદ્યાર્થીનીઓની  પ્રાયોગિક પરીક્ષા "**નૃત્ય પ્રોડક્શન**" યોજવામાં આવ્યું હતું.*






*તા : 20/07/2022 ગુરૂ પૂર્ણિમા નિમિત્તે કોલેજ દ્વારા* ***ગુરૂવે નમ :*** *કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૃત્ય, નાટ્ય અને સંગીતના વિદ્યાર્થીઓ દ્વારા અદભૂત અને અલૌકિક કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી*





*તા : 13/08/2022 કોલેજ દ્વારા નૃત્ય, નાટ્ય અને સંગીતની  રાજ્ય કક્ષાની*

*" **એકલવ્ય સ્પર્ધા** "  2022 યોજવામાં આવી હતી*







*તા : 15/08/2022 “ સ્વાતંત્ર્ય દિન” નિમિત્તે કોલેજના નૃત્ય વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા સુરત મહાનગર પાલિકા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાસ્ત્રીય નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.*



*તા : 24/08/2022 કોલેજના માળવી હોલમાં શ્રી નરેશભાઇ કાપડિયા, યામિની વ્યાસ અને ઉચિતા ઠક્કર દ્વારા પ્રસ્તુત કાર્યક્રમ વાચિકમ **"મન મગન હુઆ"** પૂર્ણ નાટકનો પરિચય આપવામાં આવ્યો.*






*તા : 27/08/2022 ના રોજ તારામોતી હોલમાં સ્કોપા કોલેજ દ્વારા “**ઝરમર વરસે મેહુલો**” વર્ષાગીતો નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાતી સુગમ સંગીતનાં વિખ્યાત સ્વરકાર અને ગાયક શ્રી સોલી કાપડિયાએ કાર્યક્રમની શોભા વધારી હતી.*





*તા : 17/09/2022 કોલેજના નાટ્ય વિભાગ માટે "* ***Interactive Session*** *" યોજવામાં આવ્યો હતો. જેમાં સુરત મહાનગરપાલિકા આયોજીત નાટ્ય સ્પર્ધાના નિર્ણાયક શ્રીમતી આદિતીબેન દેસાઇ, શ્રી ભાર્ગવ ઠકકર અને શ્રી વિપુલ વિઠલાનીએ સર્જન પ્રક્રિયા વિષય ઉપર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી.*







*તા : 18/09/2022 વિ. એન. એસ. જી. યુ આયોજીત “**અમૃતરંગ મહોત્સવ**” સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં કોલેજના નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ નાટકને બેસ્ટ ડ્રામા એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યો હતો*







તા : 02/10/2022 થી 04/10/2022 દરમ્યાન નવરાત્રી નિમિત્તે **"સ્ટુડન્ટ એક્ટીવીટી કાઉન્સિલ ઓફ આઈ. ડી. પી. ટી સ્કેટ કોલેજ"** દ્વારા આયોજીત ગરબા કાર્યક્રમમાં કોલેજના સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ લાઈવ ગરબા પ્રસ્તુત કર્યા હતા.






તા : 19/11/2022 સ્કોપા દ્વારા સિતારવાદન કાયર્ક્મ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિશ્વ વિખ્યાત સિતારવાદક " **પંડિત પૂરબાયન ચેટરજી**" દ્વારા સિતાર પર શાસ્ત્રીય રાગોની પ્રસ્તુત કરી સંગીત રસિકોને મંત્રમુગ્ધ કર્યા હતા.






તા : 26/11/2022 “**લૂર્ડસ કોન્વેન્ટ સ્કુલ**”માં કરીયર ગાઈડન્સ સેમીનારમાં ડો. શિખા સમૈયાએ કોલેજમાં ચાલતા વિવિધ કોર્ષની વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી.






*તા : 10/12/2022 સ્ટુડન્ટ એક્ટીવીટી કાઉન્સિલ ઓફ આઈ. ડી.  પી. ટી સ્કેટ કોલેજ દ્વારા પ્રાયોજીત '**આષાઢ કા એક દિન**' નાટક ભજવવામાં આવ્યું હતું*





દિવ્ય ભાસ્કર સુરત 13-12-2022

divyabhaskar.com — દિવ્ય ભાસ્કર, સુરત, મંગળવા

કાલિદાસની પ્રેમ કથાને પ્રસ્તુત કરતું કલાત્મક નાટક અષાઢકા એક દિન પ્રસ્તુત થયું

## સહપાઠીઓને મદદ કરવા પર્ફોર્મિંગ આર્ટ્સના છાત્રોએ નાટકના ચેરિટી શોથી ફંડ એકત્ર કર્યું

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી યુનિવર્સિટી બન્યા પછી પ્રથમ પ્રયોગ કરાયો

ભાસ્કર ન્યૂઝ | સુરત

દાન આપવામાં સુરત શહેરના દાતાઓ હંમેશા અગ્રેસર રહ્યા છે પરંતુ પોતાની સાથે અભ્યાસ કરતા પોતાની જ ઉંમરના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળે તે હેતુથી વિદ્યાર્થીઓ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હોય તેવો કદાચ પ્રથમ વખત જોવા મળ્યું છે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ વિદ્યાર્થીઓ દ્વારા નાટકનો ચેરિટી શો કરીને ભંડોળ એકત્રિત કર્યું હતું.

કવિ કાલિદાસની પ્રેમ કથા ને પ્રસ્તુત કરતું કલાત્મક નાટક અષાઢકા એક દિન સંજય કુમાર ઓડિટોરિયમ માં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું જેમાં શહેરના જાગૃત નાગરિકો દાનવીરો તેમજ કલા રસિકોએ વિદ્યાર્થીઓએ મદદ કરવાના અભિગમને સહજ શિકારી ફંડને છલકાવી દીધો હતો.

એકત્ર થયેલા ભંડોળમાંથી જુદા જુદા વિભાગમાં અભ્યાસ કરતા દરેક વર્ગના વિદ્યાર્થીઓને આવતા સેમેસ્ટરની 50 ટકા જેટલી રકમ સ્કોલરશીપ તરીકે મળશે. વિદ્યાર્થીની આર્થિક જરૂરિયાત શૈક્ષણિક યોગ્યતા શૈક્ષણિક સિદ્ધિઓ સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રદાન વગેરે ગુણોને ધ્યાનમાં રાખીને તે ઉપરાંત જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્ટડી માટે સ્કોલરશીપ અપાશે.

સંજીવકુમાર ઓડિટોરિયમમાં પર્ફોર્મિંગ આર્ટના વિદ્યાર્થીઓએ નાટક રજૂ કરવામાં આવ્યું હતું.



તા : 19/12/2022 “**રમત ગમત અને યુવા સાંસ્કૃતિક**” પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા આયોજીત એકાંકી નાટ્ય સ્પર્ધામાં દેવદાસીની નાટક ભજવવામાં આવ્યું હતું. જે પ્રદેશ કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયું હતું.






તા : 04/01/2023 થી 08/01/2023   વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત ૪૯ મા યુવક મહોત્સવમાં એક પાત્રીય અભિનય સ્પર્ધામાં કુ. રીયા શાહે પ્રથમ ક્રમે પ્રાપ્ત કર્યો હતો .






*તા : 21/01/2023 સાસ્મા કોલેજ દ્વારા યોજવામાં આવેલ "**ઇન્ટર કોલેજ કોમ્પીટીશન**" માં કોલેજ ના સંગીત વિભાગના વિદ્યાર્થી કેવલ જેઠવાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો.*



*તા : 07/02/2023 "**પંડિત રૂપક કુલકર્ણી**" સાથે મળી Flute Diploma ના વર્ગો શરૂ કરવા જરૂરી માહિતીની ચર્ચા કરવામાં આવી તથા માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું.*



*તા : 08/02/2023 સ્પીક મેકે અને એક્સપરીમેન્ટલ હાઇસ્કુલના સંયોજનથી નૃત્ય પરિચય વિષય વિષય પર "**પદ્મશ્રી ગીતા ચંદ્રન**" નો વર્કશોપ યોજવામાં આવ્યો હતો*






*તા : 05/08/2023 ના રોજ નાટ્ય વિભાગ દ્વારા થિયેટ્રોન સિઝન – 2 શરૂ કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં અતિથિશ્રીઓ, નાટ્યવિદો, કલારસિકો અને પ્રેક્ષકોએ હાજરી આપી બંને નાટકોને બિરદાવ્યા હતા. નાટ્યવિભાગના પ્રાધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓની ઉમદા કામગીરીને વધાવી હતી.*

**સુરત-સિટી ભાસ્કર** 06-08-2023

# ‘જેલ ઓફિસની બારી’માં આઝાદી પહેલીની વાર્તા જોઈ શ્રોતા રડી પડ્યા

## સ્કોપા દ્વારા થિયેટ્રોન 2.0 અંતર્ગત નાટક, પ્રેમ કબૂતર અને જેલ ઓફિસની બારી નાટક ભજવાયું



સિટી રિપોર્ટર . સુરત

જેલ ઓફિસની બારી નાટકની વાર્તા : ઝવેરચંદ મેઘાણીની વાર્તા પરથી નાટક તૈયાર કરવામાં આવ્યું હતું. આ વાર્તામાં આઝાદી પહેલાની વાત કરવામાં આવી હતી. જ્યારે લોકો દેશ માટે કંઈ સારુ કરવા જતાં હતા તેઓ ને જેલમાં પૂરી દેવામાં આવતા હતાં. લોકોના નાના નાના ગુના માટે પણ ફાંસી જેવી મોટી સજા આપવામાં આવતી હતી તે પણ નાટકમાં દર્શાવવામાં આવ્યું હતું. અંગ્રેજોની કેદમાં ભારતના નાગરીકોને કેવી કેવી યાતનાઓ ભોગવવી પડતી તે નાટકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. નાટકને જોઈને અનેક દર્શકોના આંખમાં આંસુ આવી ગયા હતાં. જેલની બારી નિર્જીવ હતી તેમ છતાં તેણે તમામ યાતનાઓ ભોગવી હોય તેવો સિન ક્રિએટ કરવામાં આવ્યો હતો. આઝાદી પહેલાની ભારતિયોની સાથે સાથે આ જેલની બારીએ પણ અંગ્રેજોની યાતના ભોગવી હોય તેવુ પ્રદર્શિત કરાયું.

### આ છે નાટકના કલાકારો

**નાટકમાં નાટ્ય રૂપાંતર અને દિગ્દર્શન મિહિર પટેલ, અભિનેતા વ્યોમ, દિવ્યાંશી, લક્ષેશ, કૃપાલી, જનક, ગૌરવ, રાહુલ તન્મય, ડ્રિંકલ હાર્દિક, ભય, જેક, પ્રિયાંશી અને તોર્વેશાએ અભિનય કર્યો હતો.**

**સુરત** 07-08-2023

# ‘ટીકા કાલા થા ફિર દાગ ફિર કલંક હો ગયા, બુરી નઝર બચાનીથી બુરી નજર હો ગયા’

સિટી રિપોર્ટર . સુરત

અઠવાગેટ ખાતે આવેલી એમટીબી કેમ્પસમાં ઓપેન માઈક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં આવતા જતા જોગિંગ કરતા લોકોએ પણ પાર્ટિસિપેટ કરી પોતાની ટેલેન્ટ બતાવી હતી.

એમટીબી આર્ટસ કોલેજ કેમ્પસમાં સ્કોપા પર્ફોર્મિંગ આર્ટસ દ્વારા ઓપન માઈક ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યું હતું.જેમાં આવતા જતા કોઈ પણ વ્યક્તિએ પર્ફોર્મ કરવું હોય તે પરફોર્મ કરી શકતા હતા. આ પર્ફોમન્સની શરૂઆત એજાઝ સૈયદએ કૈલાશ ખેરના સોન્ગ ‘તું જો છુલે પ્યાર સે’થી કરી હતી. ત્યારબાદ તોર્વેશા દ્વારા કવિતા પ્રસ્તુત કરવામાં આવી ‘મૈ કોન હું, ક્યા હું કેસે કહું, ચલો આજ કોશિશ કરતી હું અપને આપકો બયાન કરને કે લિયે, મે હું એક કલાકાર જો દુનિયા મે કલા નહિ કલા મે દુનિયા દિખાતી હું’. ત્યાર પછી ત્યાંથી જોગિંગ કરતા પસાર થતા ડોક્ટર પ્રફુલ દ્વારા ગીત રજુ કરવામાં આવ્યું ‘તું ગંગા કી મોજ મે જમુના કી ધારા’. ‘મેરે રસ કે કમર’ સોંગ પર ડાંસ કરી વિષ્ણુ ચૌધરીએ ઓપન માઈકને વધારે વાઈબ્રન્ટ બનાવ્યું હતુ. વરુણ શર્માએ માહોલ ને શાયરના બનાવતા કહ્યું ‘ટીકા કાલા થા ફિર દાગ હુઆ ફિર કલંક હો ગયા, બુરી નઝર બચાનીથી બુરી નજર હો ગયા’.






સીંગર એજાઝ સૈયદે કૈલાશ ખેરનું ગીત ‘તુ જો છુલે પ્યાર સે’ લોકો સમક્ષ રજૂ કર્યું હતુ.

*તા : 13/08/2023 સુરત શહેર ઝોન કક્ષા યુવા મહોત્સવ 2023 દ્વારા આયોજીત ગ્રુપ સોંગ, સુગમ સંગીત, ભજન અને લગ્નગીત સ્પર્ધામાં આપણી કોલેજના સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લઇ તમામ સ્પર્ધામાં પ્રથમ ક્રમ અને પ્રાપ્ત કર્યો હતો.*

